# અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) ની નમાઝ

રજબુલ મુરક્જ્જબ ઈબાદાતનો મહીનો છે, બરકાતનો દરવાઝો છે, હસનાતની મૌસમ છે, ખૈરનો ખઝાનો છે, જન્નત તરફ જાવાની દાઅવત છે, કરામાતનું શહેર છે, નુબૂવત અને વસાયતનો પાયો છે અને અલ્લાહની કરમ બખ્શીનો દરિયો છે. આ મહિનાના અય્યામ એટલા મુબારક અને મૈમૂન છે કે જેમાં અય્યામુલ બીઝ અને મૌલિદે અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) વાકેઅ છે, ખાતિમુલ અંબિયા, શાફેઉલ મુઝનેબીન રિસાલત મઆબ મોહંમદ (સ.અ.વ.વ.) ની મેઅરાજે રૂહાની, દાઅવતે ઈલાહી શામિલ છે, દુઆતે કિરામ અને હુદૂદે એઝામના ઉર્સે ખાસ છે અને નાફેલતના રોઝા રાખવાની રગબત છે. ઈબાદત ફક્ત નમાઝ પઢવાનું નામ નથી પણ હર અમલ જેથી અલ્લાહ જલ્લાશાનોહુ રાઝી હોય તે ઈબાદત છે; પછી તે ઈલ્મથી હોય યા અમલથી. રજબુલ મુરક્જ્જબનો મહીનો મુમેનીન વાસ્તે એવા જ આઅમાલે સાલેહાતનો ખઝાનો લઈને આવે છે, જેના સાહબ સૈયદુલ વસીયીન મૌલાના અલી (અ.સ.) છે. હર મુમિનનું ઈમાન આપ મૌલાનાની મોહબ્બત અને વલાયતથી વાબિસ્તા છે અને હર ખૈર અમલની બુનિયાદ ઈમાને ખાલિસ પર છે. કુરઆને કરીમની સેંકડો આયતોથી સાબિત થાય છે કે જ્યાં ઈમાન છે ત્યાં અમલે સાલેહ છે અને અમલનું માથું તો નમાઝ છે. અને એ નમાઝ, નમાઝ કહેવાય જ કેમ જેમાં અહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) ની મોહબ્બતની ખુશ્બૂ ન આવતી હોય. રસૂલે ખુદા (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “મેં તમારા દરમિયાન બે નફીસ ચીઝોને મુકી જાઉં છું, એક કિતાબુલ્લાહ કુરઆન છે અને બીજી મારા અહલે બૈત છે. આ બેવે કોઈ વક્ત એક બીજાથી અલગ નહીં થાય, તમેં આ બેવેને એક સાથે પકડશો તો કોઈ વક્ત ગુમ્રાહ નહીં થાવ.” જો નમાઝની તકમીલ કુરઆનથી છે તો તેની મકબૂલીયત અહલેબૈત (અ.સ.) ના દરજાની માઅરેફતથી છે.

નમાઝ ખૈરૂલ અમલ છે. તમામ આઅમાલ કરતા બેહતર, અફઝલ, વાજિબ અને લાઝિમ; ઈમાનનો હિસ્સો છે અને તકવા-પરહૈઝગારીની અલામત છે; મુમિનની પહેચાન છે અને એમ નેક બખ્તીનો મિનાર છે. અલ્લાહતઆલાએ સૂરતુલ મુમેનૂનમાં ઈમાનદારોથી મુખાતિબ થઈને ઈમાનની જેટલી શરતો મૂકેલી છે તેમાં નમાઝ અવ્વલ અને આઅલા છે. ઈરશાદે રબ્બતઆલા છે કે, “કદ અફલહલ મુમેનૂનલ્લઝીના હુમ ફી સલાતેહિમ ખાશેઊન,” કામિયાબ-ફતહયાબ થયા તે ઈમાનદારો કે જે પોતાની નમાઝોમાં ઝૂકે છે. બીજી એક આયતે શરીફામાં ફરમાને હક્કતઆલા છે કે,“વલ્લઝીના હુમ અલા સલાતેહિમ યોહાફેઝૂન,” તે ઈમાનદારો એ લોગો છે કે જેઓ પોતાની નમાઝની હિફાઝત કરે છે. નમાઝમાં ઝુકવું એક અલગ શર્ત છે અને નમાઝના વક્તોની હિફાઝત કરવી એક અલગ શર્ત. નમાઝમાં ખુશૂઅ, ખુઝૂઅ, નમનતાઈ, ઝુકાવ અને નીચી નઝર રાખનારા નમાઝીઓ જો નમાઝનાં મુકર્રર શુદા વક્તો પર નમાઝની પાબન્દી ન સાચવે તો તે નમાઝ નમાઝ નથી. કુરઆને કરીમના અહકામ અને ફરમાનો સાથે અહલે બૈત (અ.સ.) ના અમલે ખાસ અને અંદાઝે પાબન્દી ન હોય તો નમાઝ રાએગાં-ઝાયેઅ અને નાકિસ છે. તેનો કોઈ સવાબ મીલતો નથી. નમાઝનો પહેલો વક્ત અલ્લાહની ખુશ્નૂદીનો છે અને આખરી વક્ત અલ્લાહની મુઆફી નો. અને હકીકતમાં મુઆફી બંદાના કુસૂર બાદ જ હોય છે. ઝોહર યા મગરિબ યા ફજરનો પહેલો વક્ત હાથ લાગતો હોય અને તે હંગામમાં દુનિયાનાં બીજા ગૈર ઝરૂરી અને કમ એહમીયતનાં કામો પર લાગી જઈ નમાઝના અમલમાં તાખીર કરવી એ જિહાલત છે. નમાઝને ખૈરૂલ અમલ એ જ સબબથી કહેવામાં આવે છે કે, તમામ દુનિયાનાં કામો આ અમલ કરતા હલકાં અને ગૈર એહમીયતનાં છે. આ અમલથી તો ખાલિકો બારીની ઈતાઅત અને ઈબાદત થાય છે અને ખુશ્નૂદી હાસિલ થાય છે. **મખ્લૂકની તાઅત અને ખિદમતમાં ખાલિકની માઅસીયત કરવી બૈજા છે, કમ અક્લી છે.** એ ખિદમત અને ઈતાઅત જ શું કામની કે જેમાં ખાલિકની નારાઝગી હોય. આજનાં વક્તમાં ઘણાં મુમેનીન ફરીઝતની નમાઝને અદા પઢવા કરતાં કઝા ઝિયાદહ પઢે છે.

બાઝ ઘરોમાં ફજરની નમાઝ સૂરજના તુલૂઅ થયા બાદ પઢાય છે. ઝોહરની નમાઝ ૨:૫૦ વાગે અને અસર ૪:૦૦ વાગે, તેમજ મગરિબ અને ઈશાઈલ આખેરતની નમાઝ દુકાન, મુલાઝેમત, ઘરનાં મુઆમેલાતથી ફારિગ થયા બાદ રાતે ૯:૩૦ વાગે પઢાય છે. અલ્લાહના ફરમાનને પીઠ પાછળ નાખી દીધા બાદ પોતાની સુહૂલત અને રાહતનો ખયાલ રાખી નમાઝ પઢવી એ વેપારીની નમાઝ છે. ઊબૂદીયત અને રૂબૂબીયતથી એક બંદએ સાલેહ ઐન વક્ત પર તમામ દુન્યવી મશ્ગૂલીયત અને મસ્રૂફીયત છોડીને નમાઝ વાસ્તે ૫-૧૦ મીનિટનો વક્ત નીકાલે તે બંદએ ખાલિસની નમાઝ છે, જેનો હુકમ કુરઆનમાં અલ્લાહતઆલાએ કીધેલો છે. ગૈર વક્તની નમાઝને અલ્લાહતઆલા ચાહે કુબૂલ કરે યા ન કરે. અહલે ઈસ્લામ વાસ્તે દુનિયાની તમામ સરઝમીનને અલ્લાહે મસલ્લો બનાવેલો છે જે એક નેઅમતે ઉઝમા છે. **ફક્ત ઝરૂરત છે કિબ્લા, નિય્યત, પાકી, મસલ્લો અને વક્તની.**

દાઅવતનાં અખ્બારની કિતાબોમાં મન્કૂલ છે કે મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) જંગે સિફ્ફીનમાં જેહાદમાં મશ્ગૂલ હતા અને કુફ્ફારો મુનાફિકોને તૈગે ઝુલ્ફિકારનાં જૌહર અને ગૌહર બતાવી રહ્યા હતા અને સાથે સાથે વક્ત દર વક્ત આસ્માન તરફ નિગાહ દોરાવતા હતા. હ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રી.અ.) એ પૂછ્યું કે, યા મૌલા ! આપ દુશ્મનો સાથે જેહાદ કરતાં આસ્માન તરફ કેમ નઝર ફરમાવો છો. તો આપે ફરમાવું કે, હું આફતાબ-સુરજના ઝવાલનો ઈંતેઝાર કરૂં છું કે, શાયદ મારી ઝોહરની નમાઝનો અવ્વલ વક્ત ઝાયેઅ ન થઈ જાય. ઈબ્ને અબ્બાસ (રી.અ.)કહેવા લાગા મૌલા આ જંગના કશ-મ-કશના માહૌલમાં કેમ નમાઝ પઢશો ? તો આપ મૌલાએ જવાબ આપો કે, અય ઈબ્ને અબ્બાસ (રી.અ.) હમે આ લોગો સાથે જંગ કયા સબબ વાસ્તે કરીએ છીએ ? આ લોગોને ખિલાફ જંગ તો એના વાસ્તે જ છે કે, હમારાથી આ શરીઅતે મોહંમદીની નમાઝ કાઈમ છે અને હમેશા કાઈમ રહેશે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રી.અ.) કહે છે કે, જંગે સિફ્ફીન ઘણાં અય્યામ તક જારી રહી પણ મૌલાએ એક પણ ફરીઝતની અને તહજ્જુદની નમાઝ તર્ક ન કીધી. તલવારોનાં સાયામાં આપે શુક્રે ખુદાનાં સજદા બજાવા અને લયલતુલ હરીર કે જે જંગે સિફ્ફીનની સખ્ત તરીન ખૂની રાત હતી તેમાં પણ આપે નમાઝ ને કાઈમ રાખી.

હર સાઅત અને હર બસરમાં ઈમામોએ દીને ઈસ્લામના આ રૂકને અઝીમને કાઈમ કરવાની અને ફરઝી તૌર પર અમલ કરવાની વસીયત ફરમાવેલી છે. કરબલાએ મોઅલ્લામાં ઈમામે મઝલૂમ હુસૈન (અ.સ.) ની શહાદતને આલમમાં એક બલંદો બાલા દરજો અને મકામ હાસિલ કીધો તેનો ઐન સબબ નમાઝની અદાયેગીનો છે. નમાઝ અલ્લાહની ખુશ અને રઝામંદીનો સરચશ્મો છે. જે મુજબ અલ્લાહની રેહમતથી બંદો ખુશ થાય છે, તે મુજબ બંદા પર ફરઝ કરવામાં આવેલા હુકૂકની અદાયેગીથી અલ્લાહ તેના વાસ્તે રેહમો કરમની નઝર ફરમાવે છે. અલ્લાહતઆલા મુમેનીનને આ અમલે ખૈર પર સાબિત કદમ રાખે અને જમાઅતના શબાબો-જવાનોમાં નમાઝનો ઝૌકો શૌક પૈદા કરે. ★